---

**અમદાવાદના મે. એડી ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નંબર – ૫, સમક્ષ.**

---

ફોજદારી કેસ નંબર : ૬૭૧૫૩/૧૭
આંક :

ફરીયાદી : શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપીઓ : ૧. **મુજજફરમીયા ઈબ્રાહીમમીયા સૈયદ**
ઉ.વ. ૩૫, રહે. મ.ન. ૧૨૭૪ જાન સાહેબની ગલી
એડવાસ સિનેમાની પાસે, અમદાવાદ.
ગુન્હો : ઈ.પી.કોડની કલમ–૨૮૩ મુજબ.

---

સરકાર તરફે : એ.પી.પી. શ્રી એચ.એસ.પંચાલ
આરોપી તરફે : વિ.વ.શ્રી. રીક ચૌહાણ

---

:: ઠરાવ ::

**૧.** ફરીયાદપક્ષની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા. તા. **૦૫/૧૦/૧૭** ના રોજ **૧૩–૧૦** વાગે બેન્ક ઓફ ઈન્ડીયાની સામે જાહેરમાં પોતાની કબજાનો લેગા–ટી શર્ટ નો પથારો રાખી આવતા જતા રાહદારી તેમજ ટ્રાફીક ના પ્રવાહ ને અવરોધ ઉભો કરી ગુનો કરી પકડાઈ ગયેલ. તેમ કરી આરોપીએ ઈ.પી.કો. કલમ ૨૮૩ મુજબ નો ગુનો કરતા આરોપીને જે તે વખતે જામીન પર મુકત કરવામા આવેલા અને ચાર્જશીટ રજુ થતા આરોપીની સામે ઈ.પી.કો. કલમ ૨૮૩ મુજબનુ ચાર્જશીટ દાખલ કરવામા આવેલ છે. આજરોજ આરોપી તરફથી રજુઆત છે કે, તે બાળ બચાવાળો અને ગરીબ માણસ છે અને તેના કુટુબમા તે એક જ કમાનાર છે તેથી કોર્ટમા દરરોજ ધકકા તેને પોષાય તેમ નથી જેથી મેટર ઝડપથી ચલાવવાની માગણી કરતા આને આજરોજ આરોપીની પ્લી લઈ પોલીસ કર્મચારીની જુબાની લેવામા આવેલા છે.

૨.		ફરીયાદીની ફરીયાદ આધારે પોલીસે ગુનો દાખલ કરી તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ આ અદાલતમાં ચાર્જશીટ  રજુ કરેલું, આરોપીઓ આ અદાલત સમક્ષ હાજર થતા તેમના બચાવ માટે  ક્રિ.પ્રો.કો. ની કલમ – ૨૦૭ ની જોગવાઈ મુજબ  પોલીસ પેપર્સની નકલો આપવામાં આવી અને ક્રિ.પ્રો.કો.ની કલમ – ૨૮૩ મુજબ તેમળ્યાની ખાત્રી કરવામાં આવી. ત્યારબાદ સદર કામે આંક – ૨ થીઆરોપીઓનું નિવેદન લેવામાં આવતા અને તેઓએ ગુનો કબુલ કરવાનો ઈન્કાર કરતાં ફરીયાદ પક્ષે  પુરાવો લેવામાં  આવ્યો.

૩.		ફરીયાદપક્ષ  એકમાત્ર પોલીસ કર્મચારીની જુબાની લેવામા આવેલ છે અને તેની ઉલટતપાસ આરોપીના વિ.વ.શ્રી એ લીધેલ છે પરંતુ ઉલટતપાસમા એવી કોઈ હકીકત નીકળતી નથી કે, જેથી પ્રોસી.નો કેશ ન માની શકાય.

૪.		આ કામે નીચે  મુજબના મૌખિક  તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ છે.

૫.		ત્યારબાદ આકામે પ્રોસી. તરફે પોતાનો પુરાવો પુરો થયાનુ મૌખીક જણાવતા ત્યારબાદ આ કામે પ્રોસીકયુશન તરફે વિ.એ.પી.પી.શ્રીની દલીલો  સાંભળી તથા આરોપીની દલીલો સાંભળી.

૬.		આ  કેસના નિકાલ સારૂ નીચે  મુજબ  મુદ્દાઓ  અદાલત સમક્ષ ઉપસ્થિત  થયેલા છે.

(૧)  શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરેછે કે આરોપી એ જાહેર વાહન ઉભુ રાખી ઈ.પી.કો. કલમ ૨૮૩  મુજબનો શીક્ષાપાત્ર  ગુનો કરેલ છે ?

(૨)  શું હુકમ ?

૭.		ઉપરોકત મુદ્દાઓના  જવાબ  કારણોસહીત  નીચે મુજબ છે.

(૧)  નકારમાં
(૨)  આખરી હુકમ મુજબ.

<u>**કારણો**</u>

૮.		ફરીયાદપક્ષે આંક–૪ થી ફરીયાદીની જુબાની નોધવામાં આવેલ છે તેમણે પોતાની સોગંદઉપર ની જુબાનીમા જણાવેલ છે કેઆ કામના આરોપીએ  તા.

તા. ૦૫/૧૦/૧૭ ના રોજ  ૧૩–૧૦ વાગે બેન્ક ઓફ ઈન્ડીયાની સામે જાહેરમાં પોતાની કબજાનો લેગા–ટી શર્ટ નો પથારો રાખી આવતા જતા રાહદારી તેમજ ટ્રાફીક ના પ્રવાહ ને અવરોધ ઉભો કરી ગુનો કરી પકડાઈ ગયેલ. તેમ કરી આરોપીએ ઈ.પી.કો. કલમ ૨૮૩ મુજબ નો ગુનો કરેલ. આ સાહેદની ઉલટતપાસ બચાવ પક્ષે લેવામાં આવેલ ઉલટતપાસમાં તેને તેવી હકીકતો સ્વીકારેલ છે કે આ કામે પોલીસ કર્મચારી સિવાય અન્ય કોઈ નાગરીકને સાક્ષી તરીકે લેવામાં આવેલ નથી. વધુમાં તેઓ જણાવેલ છે કે બનાવવાળી જગ્યાની આજુબાજુ ઘણીબધી દુકાનો આવેલ છે અને ઘણાબધા લોકોની અવર જવર રહે છે અને તેવુ પણ સ્વીકારેલ છે કે જે તે જ દિવસે અને તે જ સમયે અન્ય લોકો ઉપર પણ આ પ્રકારનાં કેસો કરેલા ઉપરાંત ફરીયાદ પક્ષે અન્ય એક સાહેદ ત.ક. અમલદાર ને આંક –૬ થી તપાસવામાં આવેલ છે. તેઓને તેમની સરતપાસમાં એવું જણાવેલ છે કે ફરિયાદીની ફરીયાદ આધારે કેસની તપાસ કરી આરોપી સામે પુરતા પુરાવો હોઈ આરોપી સામે આ ગુનામાં ચાર્જશીટ ફાઈલ કરેલ છે. આ કામે આરોપી સામે આ ગુનામાં ચાર્જશીટ ફાઈલ કરેલ છે. આ કામે આરોપી તરફે સદરહું સાહેદની લેવામાં આવેલ ઉલટ તપાસમાં એવું સ્વીકારેલ છે કે બનાવવાળી જગ્યાની આજુબાજુ ઘણીબધી દુકાનો આવેલ છે અને ઘણાબધા લોકોની અવરજવર રહે છે અને તેઓએ એવું સ્વીકારેલ છે કે, પોલીસ સ્ટાફનાં માણસો સિવાય અન્ય કોઈ સ્વતંત્ર નાગરીકનો જવાબ લીધેલ નથી. વધુમાં તેઓ એવું સ્વીકારે છે કે બનાવના દિવસે આજ પ્રકારના અન્ય કેસોમાં પોલીસ ફરીયાદ કરતાં અન્ય કેસોની પણ તેઓએ તપાસ કરેલ છે અને એવું પણ સ્વીકારેલ છે કે આ પંચનામું કરેલ નથી.

ઉપરોકત વિગતે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો જોતાં બનાવવાળી જગ્યાએ પોલીસ સિવાય અન્ય ઘણાબધા નાગરીકોની હાજરી હોવા છતાં અન્ય કોઈ સ્વતંત્ર સાહેદનો તક અમલદારે જવાબ લીધેલ નથી. બનાવવાળી જગ્યાનું કોઈ પંચનામું રજુ થયેલ નથી. વળી બનાવનાં

દિવસે હાલના આરોપી અન્ય ઈસમો ઉપર પણ આજ પ્રકારનાં કેસો પોલીસે કરેલ છે. આમ જોઈએ તો બનાવવાળી જગ્યાએ સ્વતંત્ર સાહેદોની હાજરી હોવા છતાં તેમને સાહેદ તરીકે તપાસેલ નથી. ફકત પોલીસ સ્ટાફના 'માણસોની જુબાનીી આ પ્રકારનાં કેસમાં ફરીયાદપક્ષનો કેસ માની શકાય નહી જેથી હું મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારમાં ઠરાવી નીચે મુજબનો આખરી હુકમ ઠરાવું છું.

## <u>આખરી હુકમ</u>

આ કામના આરોપીને સી.આર.પી.સી. ની કલમ – ૨૫૫(૧) અન્વયે ઈ.પી.કો.ની કલમ–૨૮૩ ના ગુના માટે છોડી મુકવાનો હુકમ કરવામા આવેછે.

આજ રોજ તા.૧૨ માહે મે સને ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં હુકમ વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા. ૧૨/૦૫/૨૦૧૮.

(એચ.એસ.લાંગા )
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૫, અમદાવાદ .
કોડ નં. જી.જે.૦૧૦૦૦.